©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, DECEMBER 25, 2025 / PAUSHA 4, 1947 [No. 52

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૩૦/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૫/૭૯- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૧૩૦/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૫/૭૯:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડના દીવી ટર્મિનલ, ગામ: દીવી, તાલુકો: અંકલેશ્વર, જિલ્લો: ભરૂચ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડ દીવી ટર્મિનલ	ગામ: દીવી તાલુકો: અંકલેશ્વર જિલ્લો: ભરૂચ	૩૧૪/૧ કુલ ક્ષેત્રફળ: ૨૦૨૫ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૨૦૨૫ ચોરસ મીટર	પૂર્વે: સરવે નંબર ૩૧૪/૨ પશ્ચિમે: સરવે નંબર ૩૧૨ ઉત્તરે: સરવે નંબર ૩૧૪/૨ દક્ષિણે: સરવે નંબર ૩૭૧ અને ત્યાર પછી ગામની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.01 15:13:35 IST